વિચરતી-વિમુક્ત જાતિઓને જાતિ પ્રમાણપત્ર
આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:સશપ/૧૨૨૦૧૬/૬૨૦૯૮૧/અ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૪/૧૦/૨૦૧૭

વંચાણે લીધા: 24 OCT 2017

(૧) શિક્ષણ અને મજુર ખાતાનો ઠરાવક્રમાંક:D.N.T./N.T.W./2062-C/505/G, તા.30/03/૧૯૬૩.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવક્રમાંક:સશપ/૧૧૦૭/૧૪૪૦/અ, તા.૬/૨/૨૦૦૮

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવક્રમાંક:મકમ/૧૧૨૦૧૩/૨૯૮૫૫/અ, તા.૨/૨/૨૦૧૫.

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવક્રમાંક:સશપ/૧૧૦૯/૧૬૬૩/અ, તા.૨૭/૪/૨૦૧૦

**પ્રસ્તાવના:**

વંચાણે લીધેલ ક્રમાંક (૧) હેઠળ તા.30/03/૧૯૬૩ના ઠરાવથી ગુજરાત સરકારે તા.૦૧/૦૪/૧૯૬૩થી અમલમાં આવે તે રીતે સમગ્ર ગુજરાત રાજ્ય માટે વિમુક્ત જાતિઓ (Denotified Tribes) અને વિચરતી જાતિઓ (Nomadic Tribes) ની યાદીઓ જાહેર કરેલ છે. તા.૦૧/૦૪/૧૯૭૮થી ગુજરાતમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની યાદી શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી નોકરીઓમાં અનામતના હેતુ માટે જાહેર કરવામાં આવી હતી. અલબત્ત વિચરતી અને વિમુક્ત જાતિઓની યાદીઓ તો ભૂતપૂર્વ મુંબઇ રાજ્ય વખતથી અમલમાં હતી અને શૈક્ષણિક અને કલ્યાણકારી યોજનાઓનો લાભ તેમને મળતો હતો, પરંતુ તા.૦૧/૦૪/૧૯૭૮થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની યાદી ગુજરાતમાં જાહેર થતાં ૨૮ વિચરતી અને ૧૨ વિમુક્ત જાતિઓને અનામતના લાભ માટે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની જાતિઓમાં ભેળવીને ૮૨ જાતિઓની યાદી બનાવવામાં આવી હતી. જો કે આ ૪૦ જાતિઓ પૈકી કેટલીક જાતિઓ અનુસુચિત જાતિઓ, અનુસુચિત જનજાતિઓમાં ઉમેરેલી છે. આમ સને ૧૯૭૮થી વિચરતી-વિમુક્ત જાતિઓને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું નવું નામ મળ્યું અને તે રીતે રાજ્ય સરકાર હેઠળ સરકારી નોકરીઓમાં અનામતના લાભ મળવાના શરૂ થયા.

અત્રે ઉલ્લેખનીય છે કે, સન ૧૯૯૫ સુધી આ વિચરતી-વિમુક્ત જાતિઓને મેડીકલ/ઇજનેરી અભ્યાસક્રમો માટે અનુસુચિત જનજાતિના (Scheduled Tribes) ક્વોટા(Quota)માં જ અથવા તેમાંથી અનુસુચિત જનજાતિના ઉમેદવારો દ્વારા બેઠકો ભરાઇ ગયા પછી બચેલી બેઠકો વિચરતી-વિમુક્ત જાતિઓના

ઉમેદવારોથી ભરવામાં આવતી હતી. આમ ઉપરોક્ત સ્થિતિએ તા.૦૧/૦૪/૧૯૭૮ પહેલાં અને સન ૧૯૯૫ સુધી એક યા બીજા લાભ માટે વિચરતી અને વિમુક્ત જાતિના ઉમેદવારોને જાતિ પ્રમાણપત્રો આપવા જરૂરી હતાં. તા.૦૧/૦૪/૧૯૭૮થી ગુજરાતમાં અનામતના હેતુ માટે વિચરતી અને વિમુક્ત જાતિઓ મહદ્ અંશે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનો ભાગ બનતાં અને સન ૧૯૯૫ થી શૈક્ષણિક સંસ્થાઓમાં વિચરતી અને વિમુક્ત જાતિઓને અનુસુચિત જનજાતિની બચેલી બેઠકોનો લાભ આપવાનું બંધ થતાં વિચરતી અને વિમુક્ત જાતિઓને અલગથી જાતિ પ્રમાણપત્ર આપવામાં આવતા નથી, તેવી રજૂઆતો થતી આવી છે. અલબત્ત આ જાતિઓને પ્રમાણપત્રો આપવામાં પડતી મુશ્કેલીઓના નિવારણ માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગે વંચાણે લીધેલા ક્રમાંક (૨) આગળના તા.૬/૨/૨૦૦૮ના ઠરાવથી પુન: સુચનાઓ બહાર પાડી હતી. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે, વંચાણે લીધેલા ક્રમાંક (૩) આગળના તા.૦૨/૦૨/૨૦૧૫ના ઠરાવથી ગુજરાત સરકારે ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમની રચના કરીને આ નિગમ દ્વારા વિચરતી અને વિમુક્ત જાતિઓ માટે ધિરાણ સહિતની વિવિધ કલ્યાણકારી પ્રવૃત્તિઓ હાથ ધરી છે તેથી પણ મહદ્ અંશે આ જાતિઓ મોટે ભાગે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની યાદીઓનો હિસ્સો હોવા છતાં, વિચરતી અને વિમુક્ત જાતિ તરીકે અલગથી પ્રમાણપત્રો મેળવવા જરૂરી બન્યા છે.

ઉપરોક્ત પરીસ્થિતિના કારણે વિચરતી અને વિમુક્ત જાતિઓને અલગથી જાતિ પ્રમાણપત્રો અને જરૂર જણાય ત્યાં અલગથી આવકના પ્રમાણપત્રો પણ મેળવવામાં પડતી મુશ્કેલીઓના નિવારણની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે સરકાર નીચે મુજબ ઠરાવે છે.

## ઠરાવ:

૧. વંચાણે લીધેલ ક્રમાંક (૨) આગળના તા.૬/૨/૨૦૦૮ના ઠરાવથી અગાઉ વિચરતી અને વિમુક્ત જાતિઓને જાતિ પ્રમાણપત્રો આપવા માટે અધિકૃત કરેલા અધિકારીઓનો પુનરોચ્ચાર કરવામાં આવે છે, જે નીચે મુજબ છે.
   ૧. કલેકટરશ્રી/ મદદનીશ કલેકટરશ્રી/ નાયબ કલેકટરશ્રી
   ૨. જિલ્લા વિકાસ અધિકારીશ્રી/ નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી
   ૩. મામલતદારશ્રી
   ૪. તાલુકા વિકાસ અધિકારીશ્રી
   ૫. જિલ્લા નાયબ નિયામક(વિકસતી જાતિ)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(વિકસતી જાતિ)

૨. આ ઠરાવ સાથે જોડેલ પરિશિષ્ટ-ક અને ખ માં દર્શાવેલ ૧૨ વિમુક્ત જાતિઓ અને ૨૮ વિચરતી જાતિઓ પૈકી જે જાતિઓ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગમાં પણ સમાવિષ્ટ છે તે જાતિઓ અનામતના

હેતુ માટે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું જાતિ પ્રમાણપત્ર માંગે તો સક્ષમ અધિકારીઓએ તે આપવાનું રહેશે અને અન્ય કોઇપણ લાભ માટે અથવા ફક્ત દરજ્જા(Status) માટે પણ આ ૪૦ જાતિઓ વિચરતી-વિમુક્ત જાતિનું પ્રમાણપત્ર ગુજરાતી કે અંગ્રેજી ભાષામાં માંગે તો સક્ષમ સત્તાધિકારીએ આપવાનું રહેશે.

૩. વિચરતી જાતિ યાદી ક્રમાંક: ૧ આગળ બજાણીયા જાતિ દર્શાવી છે. જેના પર્યાય તરીકે "બાજીગર, નટ બજાણીયા" જાતિ બતાવી છે. બક્ષી કમિશને તેના અહેવાલમાં પણ "નટ લોકોએ નટડા પણ કહેવામાં આવે છે. તેઓ નટ, બજાણીયા કે બાજીગર તરીકે પણ ઓળખાય છે " તેવું નોંધેલ છે. જેથી બજાણીયા, બાજીગર, નટ બજાણીયા, નટ, નટડાને વિચરતી જાતિનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

૪. વિચરતી જાતિની યાદીમાં ક્રમાંક. ૫ આગળ "નાથ" જાતિને દર્શાવી છે. તેની સામે "નાથ બાવા" જાતિ પર્યાયવાચી જાતિ બતાવી છે. ગુજરાતની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની યાદીમાં ક્રમાંક ૪૪ આગળ મદારી, નાથ અને ભરથરી જાતિ સમૂહોને એકબીજાના પર્યાયવાચી શબ્દો તરીકે પણ દર્શાવેલ છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની યાદી ક્રમાંક ૭ આગળ બાવા,.. વૈરાગી બાવા, વગેરે જાતિઓમાં પણ ભરથરી જાતિને પર્યાયવાચી શબ્દ તરીકે દર્શાવેલી છે. આ સંજોગોમાં જે બાવા, વૈરાગી બાવા કે નાથ બાવાના રેકર્ડમાં "ભરથરી" જાતિનો ઉલ્લેખ કરેલો હોય તો બાવા કે નાથ બાવાના ભાગ તરીકે "ભરથરી" તરીકે પણ વિચરતી જાતિનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

૫. વિચરતી જાતિની યાદીમાં ક્રમાંક ૯ આગળ "વાદી" જાતિનો ઉલ્લેખ છે. "વાદી"ના પર્યાય તરીકે "જોગી વાદી" શબ્દ પણ દર્શાવવામાં આવ્યો છે. હકીકતમાં "વાદી", "જોગી વાદી" અને "મદારી" જાતિ એક જ સમૂહ માટે વપરાતો શબ્દ છે. છતાં પણ જે "વાદી" કે "જોગી વાદી" ના શાળાના રેકર્ડમાં "મદારી" જાતિનો ઉલ્લેખ હોય તો તેમને વિચરતી અને વિમુક્ત જાતિના પ્રમાણપત્રો આપવામાં આવતા નથી. હકીકતમાં "વાદી" અને "મદારી" એક જ જાતિ સમૂહ માટે વપરાતા શબ્દો છે. ન્યાયમૂર્તિ એ.આર.બક્ષી કમિશનના અહેવાલમાં પણ "મદારી" જાતિને વિચરતી જાતિ તરીકે દર્શાવી છે. આ સંજોગોમાં સ્પષ્ટતામાં કરવામાં આવે છે કે "વાદી" કે "જોગી વાદી"ના રેકર્ડમાં "મદારી" જાતિની નોંધ હોય તો તેમને "મદારી" તરીકે વિચરતી જાતિનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

૬. વિચરતી જાતિ યાદી ક્રમાંક: ૧૨ આગળ "ભવૈયા" છે જેની પર્યાયવાચી જાતિ તરીકે "તરગાળા" જાતિ બતાવી છે. ન્યાયમૂર્તિ એ.આર.બક્ષી કમિશને તેમના અહેવાલમાં પણ નોધ્યું છે કે "તરગાળા" ને ભવૈયા તેમજ નાયક, ભોજક પણ કહેવામાં આવે છે. જેથી તરગાળા, ભવૈયા, ભવાયા, નાયક, ભોજક ને પણ વિચરતી જાતિનું પ્રમાણપત્ર આપી શકાશે.

૭. વિચરતી જાતિઓની યાદી પૈકી ક્રમાંક-૧૪ આગળ દર્શાવેલ "મારવાડા વાઘરી" કે જેનો "મારવાડા" તરીકે પર્યાયવાચી શબ્દનો પણ ઉલ્લેખ કરેલો છે. આ જાતિના લોકોને વિચરતી જાતિ તરીકે પ્રમાણપત્રો મેળવવા માટે મુશ્કેલી પડે છે કારણ કે "મારવાડા વાઘરી" કે "મારવાડા" જાતિ મુળભૂત રીતે "બાવરી" જાતિ છે, જે મુળે રાજસ્થાનમાંથી આવીને ગુજરાતમાં કાયમી સ્થાયી થયેલી છે. આ અંગેની સ્પષ્ટતા ન્યાયમૂર્તિ એ.આર.બક્ષી કમિશને તેમના અહેવાલમાં કરેલી જ છે. તેથી અત્રે સ્પષ્ટતા કરવામાં આવે છે કે,"મારવાડા વાઘરી" કે "મારવાડા" ને બદલે શાળાના કે અન્ય રેકર્ડમાં "બાવરી" જાતિની નોંધ કે ઉલ્લેખ થયેલો હોય તો "બાવરી" તરીકે અથવા "મારવાડા વાઘરી" અથવા "મારવાડા" તરીકે વિચરતી જાતિનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

૮. વિચરતી જાતિની યાદીઓ પૈકી ક્રમાંક:૨૦ આગળ "વણઝારા(શિનાંગવાળા અને કાંગસીવાળા)" દર્શાવેલ છે. પરંતુ સામાન્ય રીતે કોઇના રેકર્ડમાં શિનાંગવાળા કે કાંગસીવાળાનો ઉલ્લેખ હોતો નથી તેથી પ્રમાણપત્રો મેળવવામાં મુશ્કેલી પડે છે. તેથી વણઝારા લખેલ હોય તો પણ વિચરતી જાતિનું પ્રમાણપત્ર આપવાનુ રહેશે. ન્યાયમૂર્તિ એ.આર. બક્ષી કમિશને પણ વણઝારા જાતિને વિચરતી જાતિ દર્શાવેલ છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની યાદી ક્રમાંક ૭૯ આગળ આ પર્યાયવાચી શબ્દ દર્શાવેલ છે.

૯. વિચરતી જાતિનીયાદીઓ પૈકી ક્રમાંક: ૨૩ ઉપર "ગાડલીયા" જાતિ દર્શાવેલ છે જેના પર્યાય તરીકે "ગાડી લુહારીયા" બતાવી છે. સૌરાષ્ટ્રની પછાત કોમોમાં ગાડલીયા જાતિનુ જે વર્ણન છે, તેમાં "લુવારીયા"નો ઉલ્લેખ છે. જેથી રેકર્ડમાં ગાડલીયા, ગાડી લુહારીયા, લુવારીયા, લુહારીયા હોય તો તે મુજબ વિચરતી જાતિનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

૧૦. વિચરતી અને વિમુક્ત જાતિઓમાં મોટા ભાગની જાતિઓ આજની સ્થિતિએ પણ રખડતું-ભટકતું જીવન ગુજારે છે. ફરજિયાત પ્રાથમિક શિક્ષણ ધારો હોવા છતાં પણ તેમનાં બાળકો આજે પણ શાળામાં જતાં નથી. સતત ભટકતા જીવનના કારણે આવી જાતિઓ પાસે ઘણા ઓછા કિસ્સાઓમાં રેશનકાર્ડ, ચુંટણી કાર્ડ કે અન્ય સરકારી આધારો ઉપલબ્ધ હોય છે, તે સંજોગોમાં આવી જાતિઓને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તરીકે કે વિચરતી અને વિમુક્ત જાતિના જાતિ પ્રમાણપત્રો આપવા માટે વિદ્યાર્થી/ઉમેદવારના શાળા છોડ્યાના પ્રમાણપત્રો ઉપરાંત પિતા/વાલી/વડવાઓના રેકર્ડનો આગ્રહ રાખવામાં આવે તો આવી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકી પણ છેવાડાની અતિ પછાત જાતિઓને પ્રમાણપત્રો આપવા મુશ્કેલ જ નહિ અશક્ય બની જાય છે, તેથી આવા લોકોની મુશ્કેલી દૂર કરવા માટે સક્ષમ સત્તાધિકારીઓએ જરૂર જણાય ત્યાં સ્થળ નિરીક્ષણ કરી તેમની ભાષા, રહેણીકરણી,ખાનપાન વગેરેનું પંચનામું કરી, ફોટા પાડી જાતિ પ્રમાણપત્રો આપવાની તજવીજ કરવી. કલ્યાણકારી યોજનાઓના હેતુ માટે નિશાળે જતા વિદ્યાર્થીઓના રેકર્ડના આધારે પણ પિતા/વાલીને

જાતિ પ્રમાણપત્ર આપવાની તજવીજ કરવી. સર્વોચ્ચ અદાલતે એક ચુકાદામાં એટલે કે બાપુરાવ વિરૂધ્ધ મહારાષ્ટ્ર સરકારના ચૂકાદામાં સક્ષમ અધિકારીઓએ સામેથી સક્રિય થઇને જે તે ઉમેદવારને જરૂરી માર્ગદર્શન આપીને જાતિ બાબતે નિર્ણય લેવા નિર્દેશ કરેલ છે. સબંધિત નિર્દેશ નીચે મુજબ છે.
"Undoubtedly, in cases of this type (regarding issuance of caste certificate for the purposes of obtaining the benefits of reservation), the burden heavily lies on the applicant who seeks such a certificate. That does not mean that the authorities have no role to play in finding out the correctness or otherwise of the claim for issue of a caste certificate. We are of the view that the authorities concerned must also play role in assisting the committee to arrive at a correct decision"

વધુમાં એ પણ સ્પષ્ટતા કરવામાં આવે છે કે આ ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની યાદીમાં કે વિચરતી-વિમુક્ત જાતિની યાદીમાં કોઇ નવી જાતિનો ઉમેરો થતો નથી. પરંતુ હયાત યાદી પૈકીની જાતિઓને વિચરતી-વિમુક્ત જાતિના જાતિ પ્રમાણપત્રો મેળવવામાં મુશ્કેલી ન પડે (Hardship) અને ખૂટતી કડીની પૂર્તતા થાય અને રહી ગયેલા પર્યાયવાચી શબ્દો ઉમેરાય તે હેતુથી આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ઉપરોક્ત સ્પષ્ટતા/સુધારણાના પરિણામે બનતી વિમુક્ત-વિચરતી જાતિની અદ્યતન યાદી આ સાથે જોડેલા પરિશિષ્ટ-ક અને ખ પ્રમાણે રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.જી.વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.*
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(સા.ન્યા.અ.)ના અંગત સચિવ શ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(વિકસતી જાતિ)ના અંગત સચિવ શ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવ શ્રી, મહેસૂલ વિભાગ સચિવાલય, ગાંધીનગર-જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, આ અંગેની જરૂરી અખબારી યાદી પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.

- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ*.
- સચિવશ્રી, તકેદારી આયોગ, ગાંધીનગર.*
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- તમામ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ
- તમામ નાયબ નિયામકશ્રીઓ(વિ.જા.)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિ.જા.)(વિ.જા.ક. મારફત)
- કોમ્પ્યુટર શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. શાખાના ઠરાવો સાથે ઓનલાઇન પ્રસિધ્ધ કરવાના હેતુસર
- National Informatics Centre, બ્લોક નં.૨/3 જો માળ, નવાસચિવાલય,ગાંધીનગર*.
- શાખા/ના.સે.અ. સિલેક્ટ ફાઇલ

* પત્ર દ્વારા .

(સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૪/૧૦/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:સશપ/૧૨૨૦૧૬/૬૨૦૯૮૧/અ નું પરિશિષ્ટ)

પરિશિષ્ટ-ખ

## ગુજરાત રાજ્યમાં વિચરતી જાતિઓની યાદી

| ક્રમ | જાતિ | પર્યાય અને કૌસમાં SEBC યાદીનો ક્રમ |
|---|---|---|
| ૧ | બજાણીયા | બાજીગર, નટ બજાણીયા, નટ, નટડા (૫૩) |
| ૨ | ભાંડ | |
| ૩ | ગારૂડી(S.C) | |
| ૪ | કાથોડી(S.T) | કતકરી |
| ૫ | નાથ | નાથ બાવા, ભરથરી (૪૪) |
| ૬ | કોટવાળિયા(S.T) | |
| ૭ | તુરી(S.C) | |
| ૮ | વિટોળીયા(S.T) | |
| ૯ | વાદી | જોગી વાદી, મદારી (૪૪) |
| ૧૦ | વાંસફોડા | |
| ૧૧ | બાવા વૈરાગી | |
| ૧૨ | ભવૈયા | તરગાળા, ભવાયા, નાયક, ભોજક (૭૧) |
| ૧૩ | ગરો(S.C) | ગરોડા |
| ૧૪ | મારવાડા વાઘરી | મારવાડા, બાવરી (૬) |
| ૧૫ | ઓડ | |
| ૧૬ | પારધી(S.T) | પારાધી |
| ૧૭ | રાવળીયા | રાવળ, રાવળ યોગી |
| ૧૮ | શિકલીગર | |
| ૧૯ | સરાણીયા | |
| ૨૦ | વણઝારા (શિનાંગવાળા અને કાંગસીવાળા) | વણઝારા(૭૯) |
| ૨૧ | જોગી | |
| ૨૨ | ભોપા | |
| ૨૩ | ગાડલીયા | ગાડી લુહારિયા, લુવારીયા, લુહારીયા (૨૩) |
| ૨૪ | કાંગસીયા | |
| ૨૫ | ધંટિયા | |
| ૨૬ | ચામઠા | નટડા |
| ૨૭ | ચારણ ગઢવી (ફક્ત જૂના વડોદરા રાજ્ય પ્રદેશના) | |
| ૨૮ | સલાટ ઘેરા | |

(કે.જી.વણઝારા)
અધિક સચિવ

(સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૪/૧૦/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:સશપ/૧૨૨૦૧૬/૬૨૦૯૮૧/અ નું પરિશિષ્ટ)

પરિશિષ્ટ-ક

# ગુજરાત રાજ્યમાં વિમુકત જાતિઓની યાદી

| ક્રમ | જાતિ | પર્યાય |
|---|---|---|
| ૧ | બાફણ | |
| ૨ | છારા | સાણસિયા, આડોડીયા |
| ૩ | ડફેર | |
| ૪ | હિંગોરા | |
| ૫ | મે | મેતા |
| ૬ | મિયાણા | કાકડ, કિન્યા |
| ૭ | સંધિ | |
| ૮ | ઠેબા | |
| ૯ | વાઘેર | |
| ૧૦ | વાઘરી | |
| ૧૧ | ચુંવાળીયા કોળી | |
| ૧૨ | કોળી (ફક્ત કચ્છ જિલ્લાના રાપર અને ભચાઉ તાલુકાના) | |

(કે.જી.વણઝારા)

અધિક સચિવ